सत्यमेव जयते

# ગુજરાત રાજ્ય મહિલા આયોગ

## વાર્ષિક વહીવટી અહેવાલ

## સને: ૨૦૨૨-૨૩

**ગુજરાત રાજ્ય મહિલા આયોગ**

બ્લોક નં. ૪/૧ લો માળ,

ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

**ટેલીફોન નંબર**

૨૩૨૫૧૬૦૨ / ૨૩૨૫૧૬૦૪

હેલ્પલાઇન ૧૮૦૦-૨૩૩-૧૧૧૧

सत्यमेव जयते

# ગુજરાત રાજ્ય મહિલા આયોગ

## વાર્ષિક વહીવટી અહેવાલ

## સને: ૨૦૨૨-૨૩


**ગુજરાત રાજ્ય મહિલા આયોગ**

બ્લોક નં. ૪/૧ લો માળ,

ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

**ટેલીફોન નંબર**

૨૩૨૫૧૬૦૨ / ૨૩૨૫૧૬૦૪

હેલ્પલાઇન ૧૮૦૦-૨૩૩-૧૧૧૧


Y-287

# આમુખ

ગુજરાત રાજ્ય મહિલા આયોગ અધિનિયમ ૨૦૦૨ અંતર્ગત તા.૧૬/૨/૨૦૦૫ ના રોજ ગુજરાત રાજ્ય મહિલા આયોગની રચના કરવામાં આવી છે. આયોગ તેના અઢારમાં વર્ષના તબક્કામાં પ્રગતિશીલ કામગીરી સાથે મહિલાઓની વિવિધ સમસ્યાઓના ઉકેલ લાવવામાં સફળ રહયુ છે. મહિલાઓના પ્રશ્નોના નિવારણ અર્થે ન્યાયિક જટિલ પ્રક્રિયામાં જતા પહેલા આયોગના સહકારથી પ્રશ્નોના ઉકેલ લાવવાની દિશામાં જાગૃતિ આવતા દિન પ્રતિદિન આયોગમાં આવતી અરજીઓના પ્રમાણમાં વધારો થઇ રહેલ છે. આયોગના અધ્યક્ષાશ્રી તથા સભ્યશ્રીઓની સક્રિય ભૂમિકાને કારણે ઝડપી ન્યાય અને કામના નિકાલની પ્રક્રિયાને ગતિ મળેલ છે. આયોગની કચેરી તરફથી પણ ફરીયાદ અરજીઓની સુનાવણી તેમજ અનિચ્છનીય ઘટનાઓ કે બનાવોની સ્થળ મુલાકાત કરી અહેવાલો તૈયાર કરવામાં જહેમત ઉઠાવી આયોગના ઉદ્ધેશને સફળ બનાવેલ છે. મહિલા વિષયક કાયદાકીય જાગૃતિ શિબિરોનું સુંદર આયોજન હાથ ધરી કાયદા જાગૃતિ અભિયાનનો હેતુ સિધ્ધ કરવામાં આયોગના અધ્યક્ષાશ્રી, સભ્યશ્રીઓ, અધિકારી/કર્મચારી ગણના ઉત્સાહ ભર્યા પ્રયત્નો તથા કર્તવ્યનિષ્ઠાનું યોગદાન રહેલું છે.

મહિલા આયોગ દ્રારા મહિલાઓને મદદરૂપ થવા તેમજ માર્ગદર્શન માટે ટોલ ફ્રી હેલ્પલાઇન ૧૮૦૦૨૩૩૧૧૧૧ કાર્યરત કરવામાં આવેલ છે. જે હેલ્પ લાઇનથી સમગ્ર રાજયની મહિલાઓ માર્ગદર્શન મેળવે છે. મહિલાઓને મદદરૂપ થવા આયોગની ભૂમિકા અસરકારક બને તેવી શુભકામનાઓ આપુ છું.

**કે.કે.નિરાલા, (આઇ.એ.એસ)**
સચિવ,
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ગાંધીનગર.

# પ્રસ્તાવના

**સને ૨૦૦૨ નો ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૧૨**

સને ૨૦૦૨ ના એપ્રિલ મહિનાની છઠ્ઠી તારીખે ''ગુજરાત રાજપત્ર'' માં (અંગ્રેજીમાં) પ્રસિધ્ધ કરાયેલ અધિનિયમ હેઠળ ગુજરાત રાજ્ય મહિલા આયોગની રચના કરવામાં આવી છે. તેનો ઉદ્દેશ મહિલાઓના બંધારણીય અને કાનૂની હક્કોના રક્ષણનો છે. મહિલાઓના આર્થિક, સામાજિક, શૈક્ષણિક વિકાસ એ આયોગનું કાર્યક્ષેત્ર છે.

# આયોગનું બંધારણ

ગુજરાત રાજ્ય મહિલા આયોગની રચના ગુજરાત સરકારના તા. ૧૬/૨/૨૦૦૫ ના જાહેરનામાથી કરવામાં આવી છે, અને તે સાથે આયોગનુ બંધારણ પણ નક્કી કરવામાં આવ્યું છે, જે નીચે પ્રમાણે છે.આયોગમાં અધ્યક્ષા તેમજ સભ્યો અને હોદ્દાની રૂએ સભ્યસચિવ સાથેની કુલ સંખ્યા ૧૨ ની રહેશે.

**(૧) અધ્યક્ષા :–** રાજ્ય સરકારે નિયુક્ત કરવાના મહિલા અધ્યક્ષ, જે મહિલાઓને લગતી બાબતો માટે પ્રતિબધ્ધ હોય તેવી નામાંકિત મહિલા.

**(૨) પાંચ સભ્યો :–** રાજ્ય સરકારે નિયુક્ત કરવાના સભ્યો કે જેઓએ મહિલાઓને લગતી બાબતોમાં સેવા બજાવેલ હોય અને કાયદા કે વૈધાનિક, સમાજશાસ્ત્ર, મહિલા પોષણ ઉત્કર્ષ, ટ્રેડ યુનિયન, મહિલાઓની રોજગાર ક્ષમતા વૃધ્ધિ કરતા ઉદ્યોગ અથવા સંગઠનના વ્યવસ્થાપનનો મહિલાઓના સ્વૈચ્છિક સંગઠનોનો (મહિલા કાર્યકર્તાઓ સહિત) વહીવટી, આર્થિક વિકાસ, આરોગ્ય, શિક્ષણ અથવા સમાજ કલ્યાણનો અનુભવ ધરાવતી હોય તેવી કાર્યકુશળ પ્રમાણિક અને પ્રતિષ્ઠિત મહિલાઓનું બનેલું હશે.પરંતુ તેમાંનો એક સભ્ય અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની મહિલાઓ માંથી હોવી જોઇએ, વધુમાં એક સભ્ય એડવોકેટ હોવો જોઇએ.

**(૩) હોદ્દાની રૂએ નીચેના સભ્યો :–**

(૧) પોલીસ મહાનિર્દેશકશ્રી, ગુજરાત રાજ્ય

(૨) સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ

(૩) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ


(૪) સચિવશ્રી, કાયદા વિભાગ

(૫) અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

**(૪) સભ્યસચિવ :–** સરકારશ્રીના સંયુક્ત સચિવશ્રીથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા રાજ્યસરકારના અધિકારીઓમાંથી રાજ્ય સરકારે નિમવાના એક સભ્યસચિવનું બનેલુ રહેશે.

## વહીવટી માળખું

ગુજરાત સરકારના તા. ૧૬/૨/૨૦૦૫ ના જાહેરનામાથી ગુજરાત રાજ્ય મહિલા આયોગની રચના કરવાની સાથે તેનું વહીવટી માળખું પણ નીચે મુજબ નક્કી કરવામાં આવ્યુ છે, જે નીચે પ્રમાણે છે.




આયોગની પ્રવૃતિઓને ધ્યાનમાં રાખી કચેરીની કામગીરીને મુખ્યત્વે ચાર શાખાઓમાં વિભાજીત કરવામાં આવી છે.

**(૧) મહેકમ શાખા :–** નિમણુંક, રજા, પગારને લગતા વહીવટી હુકમો, ખાનગી અહેવાલ, બદલી વગેરેને લગતી મહેકમ અને વહીવટ ને લગતી સઘળી કામગીરી

**(૨) હિસાબી શાખા :–** પગાર બીલો તથા અન્ય બધા જ પ્રકારના બિલો તથા બજેટની તમામ કામગીરી આયોગની પ્રવૃતિઓ સંબધિત તમામ હિસાબી અને નાણાંકીય કામગીરી

**(૩) અરજી શાખા :–** આયોગની પ્રવૃતિઓને લગતી તમામ કામગીરી (હિસાબી અને નાણાંકીય સિવાયની)

**(૪) રજીસ્ટ્રી શાખા :–** ટપાલ નોંધણી/જાવક, સ્ટેશનરી તથા પરચૂરણ ખરીદી (પોસ્ટેજ સ્ટેમ્પ) ડેડસ્ટોક રજીસ્ટર, રેકર્ડ વગેરે.

આયોગ ખાતે મહિલાઓને કૌટુંબિકની સમસ્યાઓ અંગે માર્ગદર્શન આપવા માટે એડવોકેટની પદવી ધરાવતાં લીગલ ઓફીસર અને સાયકોલોજીની ડીગ્રી ધરાવતાં સોશિયલ કાઉન્સીલરની પણ આઉટ સોર્સીંગથી નિમણૂંક કરવામાં આવેલ છે.

આયોગ ખાતે વહીવટી કામગીરી માટે ઉપર દર્શાવેલી જગ્યાઓ ઉપરાંત અગ્ર રહસ્ય સચિવ, ગુજરાતી સ્ટેનોગ્રેડ–૩, કલાર્ક કમ ટાઇપીસ્ટ, રીસેપ્ટનીસ્ટ કમ ટેલીફોન ઓપરેટર, કોમ્પ્યુટર ઓપરેટર, ડ્રાયવરની જગ્યાઓ મંજુર કરવામાં આવેલ છે તેમજ પટાવાળાની ચાર જગ્યા મંજુર કરવામાં આવી છે.

## આયોગનાં કાર્યો

**ગુજરાત રાજ્ય મહિલા આયોગના કાર્યો નીચે મુજબના રહેશે.**

(૧) ભારતના સંવિધાન અને બીજા કાયદા હેઠળ મહિલા માટે જોગવાઈ કરેલી સલામતીને લગતી તમામ બાબતોની તપાસ કરવી.

(૨) આવી સલામતીના કામકાજ અંગેનો અહેવાલ, વાર્ષિક રીતે અને આયોગ યોગ્ય ગણે તેવા બીજા સમયે રાજય સરકાર સમક્ષ રજુ કરવો.

(૩) આવા અહેવાલમાં, રાજય દ્વારા મહિલાઓની સ્થિતિ સુધારવા માટે આવા સલામતીના અસરકારક અમલીકરણ માટે ભલામણો કરવી.

(૪) મહિલાઓ સંબંધી કાયદાની વિધમાન જોગવાઈઓનુ વખતોવખત પુનર્વલોકન કરવુ અને તેમાં સુધારાની ભલામણ કરવી જેથી આવા કાયદાની અપુરતી જોગવાઇઓને પહોંચી વળવા માટે ઉપાયાત્મક કાનુની પગલા પુરા પાડી શકાય.

(૫) ભારતના સંવિધાન અને મહિલા સંબંધી બીજા કાયદાની જોગવાઈઓના ભંગના કેસો અંગે યોગ્ય સત્તામંડળ સાથે હાથ ધરવી.

(૬) ફરિયાદોની તપાસ કરવી અને નીચેની બાબતોની પોતાની મેળે નોંધ લેવી

(ક) મહિલાઓને અધિકારોથી વંચિત રાખવા સંબંધી બાબતો

(ખ) મહિલાઓને રક્ષણ પૂરુ પાડવા માટે અને સમાનતા અને વિકાસનો ઉદ્દેશ સિદ્ધ કરવા માટે અધિનિયમિત કરેલ કાયદાના બિન– અમલીકરણને લગતી બાબતો.

(ગ) મહિલાઓની મુશ્કેલી ઘટાડવાના અને તેમનુ કલ્યાણ સુનિશ્ચિત કરવાના અને રાહત પૂરી પાડવા માટે ધારેલ નીતિ વિષયક નિર્ણયો, માર્ગદર્શિકાઓ અથવા સૂચનાઓનાં પાલન સંબંધી બાબતો, અને આવી બાબતોમાંથી ઉપસ્થિત થતા મુદ્દા યોગ્ય સત્તા મંડળ સાથે હાથ ધરવા બાબત.

(૭) મહિલા પ્રત્યેના ભેદભાવ અને અત્યાચારમાંથી ઉપસ્થિત થતી વિશિષ્ટ સમસ્યાઓ અથવા પરિસ્થિતિમાં ખાસ અભ્યાસ અથવા તપાસ માટે હુકમ આપવા અને તેના નિયંત્રણ ઓળખવા કે જેથી કરીને તે દૂર કરવા માટેની વ્યૂહોની ભલામણ કરી શકાય .

(૮) (ક) તમામ ક્ષેત્રે મહિલાઓનું યોગ્ય પ્રતિનિધિત્ય સુનિશ્ચિત કરવા માટેના માર્ગો સૂચવવાના હેતુ માટે.

(ખ) ગૃહ નિર્માણની અને પાયાની સેવાઓમાં પ્રવેશની ખામી, અપૂરતી સમર્થક સેવાઓ જેવા તેમના વિકાસને અવરોધતા પરિબળોને ઓળખવાના હેતુથી અને વૈતરૂ અને વ્યવસાય જન્ય આરોગ્ય જોખમો ઘટાડવા માટે અને તેમની ઉત્પાદકતા વધારવા માટેની ટેકનોલોજીના હેતુ માટે પ્રોત્સાહક અને શૈક્ષણિક સંશોધનો હાથ ધરવા.

(૯) મહિલાના સામાજીક આર્થિક વિકાસમાં આયોજનમાં ભાગ લેવો તેની પર સલાહ.

(૧૦) રાજયમાં મહિલાના વિકાસની પ્રગતિનું મૂલ્યાંકન કરવુ.

(૧૧) જેલ રિમાન્ડ હોમ, મહિલાઓની સંસ્થા અથવા કસ્ટડીના બીજા સ્થળ કે જયાં મહિલાઓને કેદી તરીકે અથવા આરોપી કે આશ્રિત તરીકે રાખવામાં આવતી હોય તેમની તપાસ કરવી અથવા કરાવડાવવી અને જરૂરી જણાય ત્યાં સમસ્યા કે પ્રશ્નોના નિવારણ અર્થે સંબંધિત સત્તામંડળ સાથે તે બાબત હાથ ધરવી.

(૧૨) મહિલાઓના વિશાળ સમુદાયને અસરકર્તા મુદ્દાનો સમાવેશ કરતા દાવા માંડવા માટે ફંડની જોગવાઈ કરવી.

(૧૩) સમાજમાં મહિલાને વધુ હકારાત્મક ભૂમિકા અને વધુ સમતોલ અભિવ્યકિતને માધ્યમ મારફત પ્રોત્સાહિત કરવા અને સતત પ્રતિક્રિયાત્મક અસર લાવવા માટે પ્રયત્ન કરવો અને જાતિને લગતા મુદાઓ પ્રત્યે સભાનતા વધારવા જનમત કેળવવાનો પ્રયત્ન કરવો અને જાતીય સમાનતા લાવવી.

(૧૪) રાજય સરકાર તેને લખી જણાવે તેવી બીજી કોઈપણ બાબત.

## અરજીઓ

ગુજરાત રાજય મહિલા આયોગને મહિલાઓને સંબિઘત એવી શારીરિક માનસિક ત્રાસ, જાતિય સતામણી, દહેજ માંગણી, દહેજના કારણે અપમૃત્યુ, દુષ્કર્મ, લગ્નજીવનના પ્રશ્નો, અપહરણ, સર્વિસ પ્રોબ્લેમ,વિગેરે પ્રકારની અરજીઓ મળે છે. જે અન્વયે એપ્રિલ–૨૦૨૨ થી માર્ચ–૨૦૨૩ દરમ્યાન આયોગને વિવિઘ પ્રકારની કુલ–**૧૭૧૧** અરજીઓ મળેલ હતી તથા અગાઉની પેન્ડીગ અરજીઓ **૭૦૧** આમ કુલ–**૨૪૧૨** અરજીઓ પૈકી–**૧૭૫૦** અરજીઓનો નિકાલ કરેલ છે.**૬૬૨** અરજીઓ ઉપર કાર્યવાહી ચાલુ છે.

### વર્ષ ૨૦૨૨–૨૩ દરમ્યાન થયેલ કામગીરી

| અ.નં | માસ | અગાઉના માસ પૈકીની બાકી | માસ દરમ્યાન મળેલ અરજી | કુલ અરજી | માસ દરમ્યાન નિકાલ કરેલ અરજી | માસનાં અંતે કાર્યવાહી હેઠળ |
|---|---|---|---|---|---|---|
| ૧ | એપ્રિલ–૨૦૨૨ | ૭૦૧ | ૧૫૩ | ૮૫૪ | ૨૫૬ | ૫૯૮ |
| ૨ | મે– ૨૦૨૨ | ૫૯૮ | ૧૪૩ | ૭૪૧ | ૯૭ | ૬૪૪ |
| ૩ | જુન–૨૦૨૨ | ૬૪૪ | ૧૬૨ | ૮૦૬ | ૧૨૬ | ૬૮૦ |
| ૪ | જુલાઈ– ૨૦૨૨ | ૬૮૦ | ૧૨૬ | ૮૦૬ | ૧૨૨ | ૬૮૪ |
| ૫ | ઓગસ્ટ–૨૦૨૨ | ૬૮૪ | ૧૨૪ | ૮૦૮ | ૧૦૭ | ૭૦૧ |
| ૬ | સપ્ટેમ્બર– ૨૦૨૨ | ૭૦૧ | ૧૯૧ | ૮૯૨ | ૨૨૬ | ૬૬૬ |
| ૭ | ઓક્ટોબર–૨૦૨૨ | ૬૬૬ | ૧૧૮ | ૭૮૪ | ૭૯ | ૭૦૫ |
| ૮ | નવેમ્બર –૨૦૨૨ | ૭૦૫ | ૧૨૫ | ૮૩૦ | ૧૦૬ | ૭૨૪ |
| ૯ | ડીસેમ્બર–૨૦૨૨ | ૭૨૪ | ૧૪૨ | ૮૬૬ | ૧૬૮ | ૬૯૮ |
| ૧૦ | જાન્યુઆરી–૨૦૨૩ | ૬૯૮ | ૧૩૨ | ૮૩૦ | ૭૪ | ૭૫૬ |
| ૧૧ | ફેબ્રુઆરી– ૨૦૨૩ | ૭૫૬ | ૧૨૦ | ૮૭૬ | ૧૧૭ | ૭૫૯ |
| ૧૨ | માર્ચ– ૨૦૨૩ | ૭૫૯ | ૧૭૫ | ૯૩૪ | ૨૭૨ | ૬૬૨ |
| | **કુલ** | | **૧૭૧૧** | **૨૪૧૨** | **૧૭૫૦** | |

## મુલાકાત/પ્રવાસ

આયોગના સભ્યસચિવશ્રી તા.૩૧/૦૧/૨૦૨૩ ના રોજ નવી દિલ્હીમાં આયોજીત "રાષ્ટ્રીય મહિલા આયોગના સ્થાપના દિન " નિમિત્તે હાજરી આપેલ.

## આયોગની પ્રવૃતિઓ

ગુજરાત રાજ્ય મહિલા આયોગ દ્વારા નીચે મુજબ પ્રવૃત્તિઓ/કામગીરી કરવામાં આવે છે.

(૧) એન.આર.આઇ સેલ

(૨) નારી અદાલત

(૩) નારી સંમેલનો

(૪) મહિલા કાયદાકીય જાગૃતિ શિબિર

(૫) યુનિર્વસિટી સેમીનાર

(૬) મહિલાઓ ઉપર અત્યાચાર સબંધિત ફરિયાદો/રજુઆતો અંગેની અરજીઓ ઉપર કાર્યવાહી

(૭) સુનાવણી

(૮) સમીક્ષા બેઠકો (પોલીસ કમિશ્નરશ્રી, પોલીસ અધિક્ષકશ્રી તથા અન્ય વિભાગના અધિકારીઓ સાથેની બેઠક)

(૯) ટોલ ફ્રી હેલ્પ લાઇન

(૧૦) સોશ્યલ કાઉન્સીલરની સેવા

(૧૧) મીટીંગ/ મુલાકાત (સુઓમોટો)

(૧૨) અખબારી અહેવાલોની સમીક્ષા

જેની વિગતો પ્રવૃત્તિવાર આ મુજબ છે.

## (૧) એન.આર.આઇ.સેલ :–

ભારતમાંથી વિદેશ જઇને વસનારા લોકોની સંખ્યામાં વધારો થતાં, બિનનિવાસી ભારતીય સાથે લગ્ન ભંગને કારણે ઉભા થતાં પ્રશ્નો અંગેના કેસોની સંખ્યા રાજ્યના અમૂક વિસ્તારોમાં જોવા મળેલ છે.

ગુજરાત રાજયમાં બિન નિવાસી ભારતીય સાથે લગ્ન કરનાર બહેનો લગ્ન બાદ થતી મુશ્કેલીઓનાં કિસ્સાને ધ્યાને લઇને રાજ્ય સરકાર તરફથી ઓગસ્ટ–૨૦૦૮માં N.R.I CELL ઉભો કરવામાં આવેલ છે. યુવતી સાથે લગ્ન કર્યા બાદ એન.આર.આઇ પતિ જેઓ પોતાની જવાબદારી નિભાવ્યા સિવાય યુવતીને બેહાલ બનાવી વિદેશમાં જતા રહેતા હોય છે. આવા કિસ્સામાં ઇન્ટરપોલ કરાર મુજબ કાર્યવાહી કરવા ભલામણ કરવામાં આવે છે.

- ઘણા કિસ્સાઓમાં લગ્ન સમયે દહેજમાં ખાસી મોટી રકમ પત્ની પાસેથી લેવામાં આવતી હોય છે. અને તે લીધા બાદ સાસરીયાઓ તથા તેના પતિ દ્વારા આ રકમ પડાવી લઇ બધા સાસરીયાઓ પરદેશ ચાલ્યા જાય છે.
- ઘણી વખત પતિએ પરદેશમાં લગ્ન કરેલ હોય છે, અને અત્રે મહિલા સાથે લગ્ન કરીને તેને બિન પગારી નોકર જેવુ રહેવા માટે પરદેશ લઇ જાય છે. અને ત્યાં કફોડી હાલત થતાં તે પાછી ફરેલ હોય છે.
- એક પક્ષીય રીતે પરદેશમાં જ પતિ છુટાછેડા આપી દે છે.

આવા પ્રશ્નોના સરલીકરણ માટે અત્રેથી પીડીત મહિલાને માર્ગદર્શન કરવા સારૂં મહિલા આયોગમાં એન.આર.આઇ.સેલ ઉભો કરવામાં આવેલ છે. નિયત નમૂનામાં તેઓની પાસેથી માહિતી મેળવીને આયોગમાં તેની પુરતી ચકાસણી કર્યા બાદ તેને કાયદાકીય સલાહ આપવામાં આવે છે. અને અત્રેથી પોલીસ તથા રાષ્ટ્રીય મહિલા આયોગ/મીનીસ્ટ્રી ઓફ ઓવરસીઝને પરદેશ રહેતા પતિ તેમજ સાસરીયાઓ બાબતમાં યોગ્ય કાર્યવાહી કરવા માટેની ભલામણ કરવામાં આવે છે.

એન.આર.આઇ ચેકલીસ્ટ અને ફોર્મ આ મુજબ છે.

**નોંધ :–** ગુજરાત રાજય મહિલા આયોગ દ્વારા એન.આર.આઇ કેસો અંગે સુનાવણી કરી સમજાવટથી છૂટાછેડા તથા સ્ત્રીધન પરત અપાવવા અંગેની કાર્યવાહી કરવામાં આવે છે.

# N.R.I

## CHECKLIST

| અરજદારનો ફોટો | પતિનો ફોટો |
|---|---|

૧. અરજદારની વિગતો

| | |
|---|---|
| અરજદારનું નામ | :– |
| જન્મતારીખ | :– |
| ઉંમર | :– |
| શૈક્ષણિક લાયકાત | :– |
| કાયમી સરનામું | :– |
| હાલનું સરનામું | :– |
| અરજદારનો પાસપોર્ટ નંબર | :– |
| સંપર્ક નંબર | :– |
| મોબાઇલ | :– |
| રહેઠાણ | :– |
| ઇ–મેઇલ | :– |

૨. પતિની વિગતો

| | |
|---|---|
| પતિનું પુરૂનામ | :– |
| જન્મતારીખ | :– |
| શૈક્ષણિક લાયકાત | :– |
| સરનામું | :– |
| ભારત | :– |
| વિદેશ | :– |
| હાલનીનોકરી/ ધંધો તેનું સરનામું | |
| સંપર્ક નંબર | :– |
| મોબાઇલ | :– |
| રહેઠાણ | :– |
| ઇ–મેઇલ | :– |
| કેટલા સમયથી વિદેશ છે? | |
| પતિનો પાસપોર્ટ નંબર | :– |
| (ઉપલબ્ધ હોય તો નકલ) | :– |

૩. સંયુકત વિગતો

| | |
|---|---|
| અરજદારના પરિવારમાંથી | |
| વિદેશ ગયેલ સભ્યોના નામ | |
| દેશનું નામ | :– |
| કયારથી વસવાટ કરે છે. | :– |

પતિ/સાસરીયાના પરિવારમાંથી
ગયેલ સભ્યોના નામ :-
દેશનું નામ :-

પરિવારના સભ્યો કયારથી
વિદેશમાં વસવાટ કરે છે? :-

અરજદારના પતિ વિદેશ ગયા છે? :- હા ના
જો હા તો કયા દેશમાં :-
કેટલાં સમયથી વિદેશમાં છે? :-
ભારત પરત ફરેલ છે? :- હા ના

જો હા તો કેટલા સમય માટે ભારત
આવેલ છે? સમયગાળો દર્શાવવો :-
લગ્ન કર્યા ત્યારથી પતિ સાથે બનેલ

અણબનાવોનું ટુંકમાં વર્ણન :-
બનેલ અણબનાવ ભારતમાં :-
બનેલ અણબનાવ વિદેશમાં :-
સંતાનોના નામ, ઉંમર અને હાલના
અભ્યાસ વિગેરેની વિગતો :-

અરજદાર સાથે અન્ય સાસરીયાની
વિગતો નામ, સરનામું અને તેમના

સાથેના સગપણની વિગત દર્શાવવી :-

૪. કાનૂની વિગતો
અરજદાર તરફથી પતિ તથા
સાસરીયા વિરૂધ્ધ કરેલ/થયેલ
કાનૂની કાર્યવાહી :- હા ના
જો હા તો વિગતો આપવી :-

કાનૂની કાર્યવાહીની વિગતો

| નંબર | કોર્ટની વિગત | ( લગતી બાબત) | હાલનું સ્ટેટસ |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

અરજદારની સહી

## પરિશિષ્ટ–૧

લગ્ન–નોંધણી માટે રજૂ થતી લગ્ન–નોંધણી યાદીમાંના બંન્ને પક્ષકારો(NRI) અથવા એક વિદેશમાં વસવાટ કરતો હોય તો લગ્ન–નોંધણી યાદી સાથે રજૂ કરવાની વધારાની માહિતી

| | |
|---|---|
| ૧ | વરનું પુરૂં નામઃ–<br>કન્યાનું પૂરૂ નામઃ– |
| ૨ | વરનું પુરૂં સરનામું(વિદેશ વસવાટનું)<br>કન્યાનું પુરૂં સરનામું(વિદેશ વસવાટનું) |
| ૩ | વરનો પાસપોર્ટ નંબરઃ–<br>કન્યાનો પાસપોર્ટ નંબરઃ–<br>(પાસપોર્ટની પ્રમાણિત નકલ સામેલ કરવી) |
| ૪ | જે દેશનો વિઝા ધરાવતા હોય તેની વિગતઃ–<br>વરઃ–<br>કન્યાઃ– |
| ૫ | વિઝાની મુદ્દતઃ– વિઝા નંબર.....................................<br>વરઃ– ................થી.............................સુધી<br>કન્યાઃ– ................થી.............................સુધી<br>(વિઝાની પ્રમાણિત નકલ સામેલ કરવી) |
| ૬ | એન.આ.આઇ દરજ્જાની વિગતઃ–<br>વરઃ–<br>કન્યાઃ–<br>( દરજ્જાનાં સમર્થનમાં સંબંધિત<br>ડોક્યુમેન્ટની પ્રમાણિત નકલ સામેલ કરવી) |
| ૭ | સોશીયલ સીક્યોરીટી નંબરઃ–<br>વરનોઃ–<br>કન્યાનોઃ–<br>(પ્રમાણિત નકલ સામેલ કરવી) |
| ૮ | એન.આર.આઇ વર/કન્યા ના મતદાન કાર્ડ અથવા<br>એલીયન રજીસ્ટ્રેશન કાર્ડની વિગતઃ–<br>(રજૂ થયેલ વિગતોનાં સમર્થનમાં સંબંધિત<br>કાર્ડની પ્રમાણિત નકલ સામેલ કરવી.) |
| ૯ | લાયકાતઃ–<br>૧.વરઃ–<br>૨.કન્યાઃ–<br>હોદ્દોઃ–<br>૧.વરઃ– |

| | |
|---|---|
| | ૨.કન્યાઃ–<br>ઈ–મેલ એડ્રેસઃ–<br>૧.વરઃ–<br>૨ કન્યાઃ–<br>મોબાઈલ નંબરઃ–<br>૧. વરઃ–<br>૨. કન્યાઃ–<br>નોકરી રાખનાર સંસ્થાનું સરનામુઃ–<br>૧. વરઃ–<br>૨. કન્યાઃ–<br>નોકરી રાખનાર સંસ્થાનો ફોન નંબર<br>૧. વરઃ–<br>૨. કન્યાઃ– |
| ૧૦ | વર/કન્યાનાં વિદેશમાં વસતા નજીકનાં<br>બે સંબંધીનાં નામ અને પુરા સરનામાઃ–<br>૧.વરઃ–<br>(૧) નામઃ–<br>પુરૂં સરનામુઃ–(સ્થળ શોધી શકાય તે માટે પૂરતી વિગતો આપવી)<br><br>(૨) નામઃ–<br>પુરૂં સરનામુઃ–(સ્થળ શોધી શકાય તે માટે પૂરતી વિગતો આપવી)<br><br>૨. કન્યા<br>(૧) નામઃ–<br>પુરૂં સરનામુઃ–(સ્થળ શોધી શકાય તે માટે પૂરતી વિગતો આપવી)<br><br>(૨) નામઃ–<br>પુરૂં સરનામુઃ–(સ્થળ શોધી શકાય તે માટે પૂરતી વિગતો આપવી) |
| ૧૧ | રાજ્યમાં વસતા બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓનાં નામ અને પુરા સરનામાઃ–<br><br>૧.વરઃ–<br>(૧) નામઃ–<br>પુરૂં સરનામુઃ–(સ્થળ શોધી શકાય તે માટે પૂરતી વિગતો આપવી)<br><br>(૨) નામઃ–<br>પુરૂં સરનામુઃ–(સ્થળ શોધી શકાય તે માટે પૂરતી વિગતો આપવી) |

| | |
|---|---|
| | ૨. કન્યા<br>(૧) નામઃ–<br>પુરૂં સરનામુઃ–(સ્થળ શોધી શકાય તે માટે પૂરતી વિગતો આપવી)<br><br>(૨) નામઃ–<br>પુરૂં સરનામુઃ–(સ્થળ શોધી શકાય તે માટે પૂરતી વિગતો આપવી) |
| ૧૨ | લગ્ન નોંધણી કરાવનાર એન.આર.આઇ વર/કન્યાની સહીઃ–<br>વરની સહીઃ–<br>કન્યાની સહીઃ– |

**નોંધઃ–** રજૂ થયેલ ઉક્ત વિગતોનાં સમર્થનમાં જરૂરી આધારની પ્રમાણિત નકલો સામેલ કરવાની રહેશે. પરિશિષ્ઠ—૧ ફક્ત(NRI) પક્ષકારોએ ભરવાનું છે.

## (૨) નારી અદાલત :–

નારી અદાલત મહિલાઓ માટે મહિલાઓ દ્રારા ચલાવવામાં આવતી, બિનઔપચારિક ન્યાય પ્રણાલી છે. મહિલાઓને ઘર આંગણે પોતાના પ્રશ્નો કોર્ટમાં ગયા વિના નિરાકરણ લાવવાની તક પુરી પાડે છે. તેમજ મહિલાઓને વિના મૂલ્યે, ઝડપી, તટસ્થતાથી અને આત્મસન્માન સાથેનો ન્યાય મળે છે.

નારી અદાલતમાં જે તે તાલુકામાંથી જ મહિલા સભ્યોની પસંદગી કરીને સમતા કમિટી બનાવવામાં આવે છે. સમતા કમિટિના સભ્યોને પેરાલીગલ પ્રકારની તાલીમ આપવામાં આવે છે. જેમાં કેસો સાંભળવાની અને કેસો ચલાવવાની ન્યાયલક્ષી તાલીમ આપવામાં આવે છે. આ સમતા કમિટી દ્રારા નારી અદાલતમાં કેસો ચલાવવામાં આવે છે.

નારી અદાલતમાં  મહિલાઓના નીચે મુજબના પ્રશ્નો ઉકેલવામાં આવે છે.

(૧) ઘરેલુ મારપીટ
(૨) ઘરેલુ ઝઘડા
(૩) શંકા કુશંકા
(૪) દારૂડીયા પતિનો ત્રાસ
(૫) એક પત્ની પર બીજી પત્ની
(૬) છૂટાછેડા
(૭) મિલકત તથા જમીનને લગતા વિવાદ
(૮) બાળકની સોંપણી
(૯) સ્ત્રીને ભગાડી જવાના કિસ્સા
(૧૦) સ્ત્રીધન, ભરણપોષણ
(૧૧) છેડતી
(૧૨) ડાકણ પ્રથા, દહેજ
(૧૩) મહિલાઓને લગતા અન્ય કેસો.

વર્ષ ૨૦૧૨–૧૩થી રાજ્ય સરકારે તબકકાવાર બધા જ તાલુકાઓમાં નારી અદાલત ખોલવાની મહત્વકાંક્ષી યોજના શરૂ કરેલ છે. વર્ષ–૨૦૧૮–૧૯ સુધીમાં **કુલ ૨૩૭** નારી અદાલતોની મંજુરી આપવામાં આવી છે. વર્ષ–૨૦૧૨–૧૩ પહેલા મહાસંઘો દ્રારા ૩૩ નારી અદાલતો ચાલુ હતી તે નારી અદાલતો ત્યારબાદ મહિલા આયોગને સુપ્રરત કરવામાં આવી છે. આમ કુલ આ યોજના અંતર્ગત **૨૪૮** તાલુકાઓમાં અને ૮ મહાનગરપાલિકાઓમાં ૨૨, એમ **કુલ–૨૭૦** નારી અદાલતો ગુજરાત રાજય મહિલા આયોગ દ્રારા કાર્યરત થઇ ગયેલ છે. ભારત સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગમાં મિશન શકિત કાર્યક્રમમાં પણ આ યોજનાનો સમાવેશ કરવામાં આવેલ છે.

## (૩) નારી સંમેલનો (વર્ષ–૨૦૨૨–૨૩) :–

સરકાર દ્રારા શરૂ કરવામાં આવેલ નારી અદાલત યોજનાના પ્રચાર–પ્રસાર માટે વર્ષ–૨૦૨૨–૨૦૨૩ માં **૩૭** તાલુકા/કોર્પોરેશન વિસ્તારમાં નારી સંમેલનો યોજવામાં આવેલ છે. જેમાં ૧૦૯૧૫ મહિલાઓએ હાજરી આપેલ છે.

## નારી સંમેલન કાર્યક્રમ

| ક્રમ | તારીખ | જિલ્લો | તાલુકા/કોર્પોરેશન | નારી સંમેલન |
|---|---|---|---|---|
| ૧. | ૩૧/૦૩/૨૦૨૨ | ભાવનગર | તળાજા | ૧ |
| ૨. | ૨૨/૦૭/૨૦૨૨ | મહેસાણા | ઉંઝા | ૧ |
| ૩. | ૨૮/૦૭/૨૦૨૨ | અમરેલી | ખાંભા | ૧ |
| ૪. | ૦૨/૦૮/૨૦૨૨ | બનાસકાંઠા | ધાનેરા | ૧ |
| ૫. | ૨૩/૦૮/૨૦૨૨ | પાટણ | રાધનપુર | ૧ |
| ૬. | ૨૫/૦૮/૨૦૨૨ | વડોદરા | સાવલી | ૧ |
| ૭. | ૨૯/૦૮/૨૦૨૨ | નવસારી | ચીખલી | ૧ |
| ૮. | ૩૦/૦૮/૨૦૨૨ | કચ્છ | ભચાઉ | ૧ |
| ૯. | ૩૦/૦૮/૨૦૨૨ | સાબરકાંઠા | ઇડર | ૧ |
| ૧૦. | ૩૦/૦૮/૨૦૨૨ | ભાવનગર | મહુવા | ૧ |
| ૧૧. | ૩૧/૦૮/૨૦૨૨ | જુનાગઢ(ગ્રામ્ય) | વંથલી | ૧ |
| ૧૨. | ૦૭/૧૦/૨૦૨૨ | ભરૂચ | જંબુસર | ૧ |
| ૧૩. | ૧૦/૧૦/૨૦૨૨ | બનાસકાંઠા | દાંતીવાડા | ૧ |
| ૧૪. | ૧૧/૧૦/૨૦૨૨ | મહેસાણા | વિસનગર | ૧ |
| ૧૫. | ૧૧/૧૦/૨૦૨૨ | અરવલ્લી | મોડાસા | ૧ |
| ૧૬. | ૧૧/૧૦/૨૦૨૨ | ગીર સોમનાથ | કોડીનાર | ૧ |
| ૧૭. | ૧૨/૧૦/૨૦૨૨ | આણંદ | તારાપુર | ૧ |
| ૧૮. | ૧૩/૧૦/૨૦૨૨ | અરવલ્લી | ધનસુરા | ૧ |
| ૧૯. | ૧૩/૧૦/૨૦૨૨ | ખેડા | કપડવંજ | ૧ |
| ૨૦. | ૧૩/૧૦/૨૦૨૨ | જામનગર | જોડીયા | ૧ |
| ૨૧. | ૧૪/૧૦/૨૦૨૨ | કચ્છ | રાપર | ૧ |
| ૨૨. | ૧૫/૧૦/૨૦૨૨ | સાબરકાંઠા | પ્રાંતિજ | ૧ |
| ૨૩. | ૧૯/૧૦/૨૦૨૨ | વલસાડ | પારડી | ૧ |
| ૨૪. | ૩૧/૦૧/૨૦૨૩ | નર્મદા | નાંદોદ | ૧ |
| ૨૫. | ૧૫/૦૨/૨૦૨૩ | નવસારી | જલાલપોર | ૧ |
| ૨૬. | ૨૧/૦૨/૨૦૨૩ | જુનાગઢ | કેશોદ | ૧ |
| ૨૭. | ૨૭/૦૨/૨૦૨૩ | મહેસાણા | બેચરાજી | ૧ |
| ૨૮. | ૨૭/૦૨/૨૦૨૩ | ડાંગ | આહવા | ૧ |
| ૨૯. | ૦૨/૦૩/૨૦૨૩ | મોરબી | વાંકાનેર | ૧ |
| ૩૦. | ૧૦/૦૩/૨૦૨૩ | પાટણ | સરસ્વતી | ૧ |
| ૩૧. | ૧૧/૦૩/૨૦૨૩ | અમદાવાદ | વિરમગામ | ૧ |
| ૩૨. | ૧૨/૦૩/૨૦૨૩ | બનાસકાંઠા | ડીસા | ૧ |
| ૩૩. | ૧૮/૦૩/૨૦૨૩ | ખેડા | નડિયાદ | ૧ |

| ક્રમ | તારીખ | જિલ્લો | તાલુકા/કોર્પોરેશન | નારી સંમેલન |
|---|---|---|---|---|
| ૩૪. | ૨૦/૦૩/૨૦૨૩ | આણંદ | આણંદ | ૧ |
| ૩૫. | ૨૭/૦૩/૨૦૨૩ | બોટાદ | ગઢડા | ૧ |
| ૩૬. | ૨૮/૦૩/૨૦૨૩ | મોરબી | મોરબી | ૧ |
| ૩૭. | ૨૯/૦૩/૨૦૨૩ | કચ્છ | માંડવી | ૧ |
| | | **કુલ** | | **૩૭** |

## (૪) મહિલા કાયદાકીય જાગૃતિ શિબિર :-

રાજયની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિઓને તેમજ ચૂંટાયેલી અન્ય મહિલાઓને મહિલા વિષયક કાયદાકીય જાગૃતિ આપવા માટે શિબિરો યોજવામાં આવેલ છે. જે પૈકી વર્ષ-૨૦૨૨-૨૩માં નીચે મુજબ **કુલ-૦૭** કાયદાકીય જાગૃતિ શિબિરો યોજવામાં આવેલ છે જેમાં ૧૩૯૮ થી વધુ મહિલાઓએ હાજરી આપેલ છે.

| ક્રમ | તારીખ | જિલ્લો | તાલુકા/કોર્પોરેશન | કાયદા શિબિર |
|---|---|---|---|---|
| ૧. | ૦૩/૦૮/૨૦૨૨ | બનાસકાંઠા | પાલનપુર | ૧ |
| ૨. | ૨૫/૦૮/૨૦૨૨ | ગાંધીનગર | ગાંધીનગર | ૧ |
| ૩. | ૨૬/૦૮/૨૦૨૨ | વડોદરા | વાઘોડીયા | ૧ |
| ૪. | ૩૦/૦૮/૨૦૨૨ | સુરત | બારડોલી | ૧ |
| ૫. | ૩૦/૦૮/૨૦૨૨ | પાટણ | સિધ્ધપુર | ૧ |
| ૬. | ૧૪/૧૦/૨૦૨૨ | ભરૂચ | ભરૂચ | ૧ |
| ૭. | ૧૬/૦૨/૨૦૨૩ | અમદાવાદ | ધોળકા | ૧ |
| | | | **કુલ** | **૦૭** |

## (૫) યુનિર્વસિટી સેમિનાર :-

સને ૨૦૨૨-૨૩ ના નાણાંકીય વર્ષ માટે રાજય સરકાર દ્વારા રાજયની યુનિર્વસિટીમાં વિદ્યાર્થીનીઓને તથા વિદ્યાર્થીઓને કાયદાકીય માર્ગદર્શન મળી રહે તે માટે સેમીનારનું આયોજન કરવાનું નકકી કરેલ છે.

## (૬) મહિલાઓ ઉપર અત્યાચાર સબંધિત ફરિયાદો/રજુઆતો અંગેની અરજી :-

મહિલા આયોગની રચના થયા બાદ આયોગમાં તા.૩૧/૦૩/૨૦૨૩ સુધી **૨૯૩૭૧** અરજીઓ આવેલ છે. જે પૈકી **૨૮૭૦૯** અરજીઓ નિકાલ કરવામાં આવેલ છે. અને **૬૬૨** અરજીઓ સંબંધિત ખાતાઓમાં અહેવાલ માટે મોકલવામાં આવી છે.

## (૭) સુનાવણી :-

મહિલાઓનાં ઘરેલું અને લગ્નજીવન સબંધિત પ્રશ્નોના સમાધાન માટે મળેલ અરજીઓ અન્વયે આયોગમાં માહે-એપ્રિલ-૨૨ થી માહે માર્ચ-૨૦૨૩ દરમ્યાન **૧૭** સુનાવણી હાથ ધરવામાં આવેલ હતી. જેમાં **૮૫** કેસોમાં બંન્ને પક્ષકારોને સુનાવણીમાં બોલાવવામાં આવેલ હતાં.

મહિલા આયોગની રચના થયા બાદ આયોગમાં તા-૩૧/૩/૨૦૨૩ સુધીમાં **૫૨૨** સુનાવણી હાથ ધરવામાં આવેલ છે.

**વર્ષ:–૨૦૨૨–૨૩ માં થયેલ સુનાવણીની વિગત દર્શાવતુ પત્રક**

| **અ.નં** | **માસ નું નામ** | **સુનાવણી ની તારીખ** | **સુનાવણી ના કેસો** |
|---|---|---|---|
| ૧ | એપ્રિલ–૨૦૨૨ | – | – |
| ૨ | મે–૨૦૨૨ | – | – |
| ૩ | જુન–૨૦૨૨ | ૦૮/૦૬/૨૦૨૨ | ૫ |
| | | ૧૦/૦૬/૨૦૨૨ | ૫ |
| | | ૧૫/૦૬/૨૦૨૨ | ૫ |
| | | ૧૭/૦૬/૨૦૨૨ | ૪ |
| | | ૨૪/૦૬/૨૦૨૨ | ૫ |
| ૪ | જુલાઇ–૨૦૨૨ | ૦૬/૦૭/૨૦૨૨ | ૬ |
| | | ૦૮/૦૭/૨૦૨૨ | ૫ |
| | | ૧૩/૦૭/૨૦૨૨ | ૫ |
| | | ૧૫/૦૭/૨૦૨૨ | ૫ |
| | | ૨૦/૦૭/૨૦૨૨ | ૫ |
| ૫ | ઓગસ્ટ–૨૦૨૨ | ૦૩/૦૮/૨૦૨૨ | ૫ |
| | | ૦૫/૦૮/૨૦૨૨ | ૫ |
| | | ૨૪/૦૮/૨૦૨૨ | ૫ |
| ૬ | સપ્ટેમ્બર–૨૦૨૨ | ૦૭/૦૯/૨૦૨૨ | ૫ |
| | | ૧૪/૦૯/૨૦૨૨ | ૫ |
| | | ૧૬/૦૯/૨૦૨૨ | ૫ |
| | | ૨૧/૦૯/૨૦૨૨ | ૫ |
| ૭ | ઓક્ટોમ્બર–૨૦૨૨ | – | – |
| ૮ | નવેમ્બર–૨૦૨૨ | – | – |
| ૯ | ડીસેમ્બર–૨૦૨૨ | – | – |
| ૧૦ | જાન્યુઆરી–૨૦૨૩ | | |
| ૧૧ | ફેબ્રુઆરી–૨૦૨૩ | | |
| ૧૨ | માર્ચ–૨૦૨૩ | – | – |
| | **કુલ** | **૧૭** | **૮૫** |

સુનાવણી સંખ્યા:–૧૭

સુનાવણી કરેલ કેસો ની સંખ્યા:–૮૫

### (૮) સમીક્ષા બેઠક :–

આયોગમાં આવતી અરજીઓ બાબતે જરૂરી કાર્યવાહી અર્થે સબંધિત કચેરીઓને મોકલી આપવામાં આવે છે. પરંતુ ઘણીવાર કાર્યવાહી અંગેના અહેવાલ સમયસર મળતા ન હોવાથી કેસોની સંખ્યાને ધ્યાને લઇને સમીક્ષા કરવી જરૂરી થઇ જાય છે. જેથી પડતર અરજીઓના નિકાલ બાબતે આયોગ ખાતે સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવે છે.

| તારીખ | સ્થળ | વિગત |
| --- | --- | --- |
| ૨૭/૦૩/૨૦૨૩ | ગાંધીનગર | સભ્યસચિવશ્રીની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે અમદાવાદ જિલ્લાના પડતર કેસો માટે પોલીસ અધિકારીશ્રીઓ અને અન્ય અધિકારીશ્રીઓ સાથે સમીક્ષા બેઠક કરેલ. |

**(૯) ટોલ ફ્રી હેલ્પલાઇન :– ૨૦૨૨–૨૩**

મહિલાઓને મદદ મળી રહે તે માટે આયોગમાં કચેરી સમય દરમ્યાન ટોલ ફ્રી હેલ્પલાઇન નંબર–**૧૮૦૦–૨૩૩–૧૧૧૧** ઉપલબ્ધ છે. આ હેલ્પલાઇન દ્વારા **વર્ષ:૨૦૨૨–૨૩ દરમ્યાન ૪૮૪ થી વધુ** મહિલાઓને મદદ કરવામાં આવેલ છે.

**(૧૦) સોશીયલ કાઉન્સીલર :– ૨૦૨૨–૨૩**

આયોગમાં રૂબરૂ આવતા અરજદારોની રજુઆત સાંભળી તે અંગે જરૂરી સલાહ/સમજ કાઉન્સીલર દ્વારા આપવામાં આવે છે. **વર્ષ: ૨૦૨૨–૨૩ દરમ્યાન ૮૪ થી** વધુ મહિલાઓને કાઉન્સેલીંગ કરી મદદ કરવામાં આવેલ છે.

**(૧૧) અખબારી અહેવાલોની સમીક્ષા :– ૨૦૨૨–૨૩**

આયોગમાં રોજબરોજ વર્તમાન પત્રમાં આવતા બનાવો તેમજ ટી.વી.ના માધ્યમથી લાઇવ સમાચારનો સુઓમોટો કરવામાં આવે છે. જેમાં **૧૩૩** થી વધુ કેસો પર કાર્યવાહી કરવામાં આવેલ છે.

––––––––––

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

પ્રોસેસિંગ અને મુદ્રણઃ સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

Y-287-250-07-2023

सत्यमेव जयते

# GUJARAT STATE COMMISSION FOR WOMEN

## ANNUAL ADMINISTRATIVE REPORT

## YEAR : 2022-23

Gujarat State Commission For Women
1st Floor, Block No.4,
Dr. Jivraj Mehta Bhavan,
Gandhinagar.

Telephone Number :
23251602 / 23251604
Helpline 1800-233-1111

सत्यमेव जयते

# GUJARAT STATE COMMISSION FOR WOMEN

## ANNUAL ADMINISTRATIVE REPORT

## YEAR : 2022-23

Gujarat State Commission For Women
1st Floor, Block No.4,
Dr. Jivraj Mehta Bhavan,
Gandhinagar.

Telephone Number :
23251602 / 23251604
Helpline 1800-233-1111

Y-365-200-7-23-SSD

# PREAMBLE

Gujarat State Commission For Women has been constituted on 16/2/2005 under the Gujarat State Commission for Women Act, 2002. The Commission has succeeded in addressing various issues concerning women with its progressive functioning in a span of its 18 years of existence. The numbers of applications being received daily by the Commission has witnessed increase with acceleration in awareness for resolving grievances with help of the Commission as a pre-litigation process before resorting to complex legal process for resolution of issues of women. With active role being played by the Chairperson and Members of the Commission, it has become possible to have expeditious justice and process of disposal of cases. Office of the Commission has also contributed well in conducting hearing of the complaints and preparing reports by visiting scenes and places of untoward incidents by playing vital role for achieving objectives of the Commission. Motivational efforts and dedication of the Chairperson, Members, Officers/employees of the Commission has significantly contributed for successful campaign of creating legal awareness by organizing Legal Awareness Seminars on the women-oriented subjects.

Toll Free Helpline 1800-233-1111 has been made operational by the Women Commission for assisting women and for their guidance. Women from all corners of the state are benefited with guidance through this Helpline. I wish the Commission to play effective role in reaching out to the needy women.

**K. K. Nirala (IAS)**
Secretary
Department of Women and Child
Development,
Gandhinagar.

# PREFACE

## Gujarat Act No. 12 of 2002

Gujarat State Commission for Women has been constituted under the Act as published in "Gazette of Gujarat" (in English) on $6^{th}$ day of April, 2002. The objective of this Commission is protecting constitutional and legal rights of women. Economic, Social, Educational Development of women is area of operations of the Commission.

# CONSTITUTION OF THE COMMISSION

Gujarat State Commission for Women came into existence through Notification dated 16/2/2005 issued by the Government of Gujarat whereby constitution of the Commission was also determined which is as under. Total number of members of the Commission shall be 12 including Chairperson and Members and ex-officio Member Secretary.

(1) Chairperson: A female Chairperson to be appointed by the Government of Gujarat who shall be a reputed lady committed for the cause of women.

(2) Five members : The members to be appointed by the State Government from amongst skilled, honest and reputed women those who have served for the cause concerning women and holding experience in the fields of legal or legislative, Sociology, Women Nutrition and Empowerment, Trade Union, management of industry or organization working for skill development for enhancement of employment skill of women or management of voluntary organizations for women (including women activists) experienced in economic development, health, education of social welfare for women, provided one of such member should be amongst women of Scheduled Caste or Scheduled Tribe community and one of the member should be an advocate.

(3) Ex-officio members :

  (1) Director General of Police, Gujarat State.

  (2) Secretary, Department of Women and Child Development

  (3) Additional Chief Secretary, Finance Department

  (4) Secretary, Legal Department

  (5) Additional Chief Secretary, Health and Family Welfare Department

(4) Member Secretary : An officer to be appointed by the State Government not below the rank of Joint Secretary to the Government.

# STRUCTURE OF ADMINISTRATION

While constituting the Gujarat State Commission for Women vide Government of Gujarat Notification dated 16/2/2005, its administrative structure has also been defined, which is as under.

Chairperson
↓
Member Secretary
↓
Under Secretary
↓
↓------------------------------------------------------------------ ↓

| | |
|---|---|
| Accounts Officer | Research Officer |
| ↓ | ↓ |
| (Accounts, Establishment and Registry Branches) | (Application Branch) |
| ↓ | ↓ |
| Sub Accountant | Senior Clerk (2) |
| ↓ | ↓ |
| Junior Clerk | Junior Clerk |

Functioning of the office has been divided mainly into four branches keeping in view activities of the Commission.

(1) Establishment Branch : All works pertaining to Establishment and administration including administrative orders related to appointment leave and pay, Confidential Reports and transfers.

(2) Accounts Branch : All accounting and financial works related to activities of the Commission including pay bills and all other types of bills and Budget related work.

(3) Application Branch : All works related to functioning of the Commission (except Accounting and Financial)

(4) Registry Branch : Inward/ outward of posts, stationary and miscellaneous purchases (postage stamps), maintaining of dead stock register and record etc.

For providing guidance on family problems to women at the Commission, a Legal Officer holding Sanad for Advocate and a Social Counsellor holding degree of Psychology are also being appointed on Out Sourcing basis.

In addition to the above posts, posts of Principal Private Secretary, Gujarati Stenographer Grade-3, Clerk-cum-Typist, Receptionist-cum-Telephone Operator, Computer Operator, Driver have been also sanctioned for administrative work of the Commission. Four posts of Peon have also been sanctioned.

# ACTIVITIES OF THE COMMISSION

The commission shall have following function namely.

(1) To examine all matters relating to the safeguards provided for women under the constitution of India and other laws.

(2) To present to the state Government annually and such other times as the commission may think, fit, report upon the working of such safeguards.

(3) To make in such reports recommendations for the effective implementations of such safeguards for improving the conditions of women by the state.

(4) To review from time to time, the existing provisions of law relating to women and recommend amendments there in for the purpose of providing remedial legislative measures to meet with inadequate provisions of such laws.

(5) To take up the cases of violation of the provisions of the constitution of India and of other laws relating to women with the appropriate authorities.

(6) To look into complaints and take suo- motto notice of matters relating.

  (a) Matters relating to deprivation of women's rights.

  (b) Matters relating to non-implementation of laws enacted to provide protection to women and to achieve the objects of equality and development.

  (c) Non-compliance of policy decisions, guidelines or instructions aimed at mitigating hardships and ensuring welfare and providing relief to women and to take up the issues arising out of such matters with appropriate authorities

(7) To call for special studies or investigations into specific problems or situations arising out of discrimination and atrocities against women and to identify the constraints so as to recommend strategies for their removal.

(8) To undertake promotional and educational research for the purpose of

(a) Suggesting ways of ensuring due representation of women in all spheres.

(b) Undertaking promotional and educational research to identify factors responsible for impeding their advancement, such as, lack of access to housing and basic services, inadequate support service and technology for reducing drudgery and occupational health hazards and for increasing their productivity.

(9) To participate and advise on the planning of socio economic development of women.

(10) To evaluate the progress of the development of women under the State.

(11) To inspect for cause be inspected a jail, remand home, women's institution or other place of custody where women are kept as prisoners or otherwise, and to take up with concerned authorities for remedial action, if necessary.

(12) To provide fund for litigation involving issues affecting a large body of women.

(13) To endeavour to promote through the media a more positive image or balanced depiction of women in society and continuously to interact and try to educate the public opinion through media to enhance sensitivity to gender issues and bring about gender parity.

(14) To Any other matter which may be referred to it by State Government.

# APPLICATIONS

Gujarat State Commission for Women has been receiving various types of applications concerning women for inflicting physical and mental torture, sexual harassment, demand of dowry, unnatural death due to dowry, abuse, marital disputes, kidnapping, service problem etc. The Commission received such types of total **1711** applications during the period from April, 2022 to March, 2023 and clubbed with backlog of **701**applications, there were total **2412** applications before the Commission out of which **1750** applications have been disposed. Proceedings are pending in respect of **662**applications.

**Performance during the year 2022-2023**

| Sr. No. | Month | Pendency during last month | Applications received during the month | Total applications | Applications disposed during the month | Under process at the end of month |
|---|---|---|---|---|---|---|
| 1 | April, 2022 | 701 | 153 | 854 | 256 | 598 |
| 2 | May, 2022 | 598 | 143 | 741 | 97 | 644 |
| 3 | June, 2022 | 644 | 162 | 806 | 126 | 680 |
| 4 | July, 2022 | 680 | 126 | 806 | 122 | 684 |
| 5 | August, 2022 | 684 | 124 | 808 | 107 | 701 |
| 6 | September, 2022 | 701 | 191 | 892 | 226 | 666 |
| 7 | October, 2022 | 666 | 118 | 784 | 79 | 705 |
| 8 | November, 2022 | 705 | 125 | 830 | 106 | 724 |
| 9 | December, 2022 | 724 | 142 | 866 | 168 | 698 |
| 10 | January, 2023 | 698 | 132 | 830 | 74 | 756 |
| 11 | February, 2023 | 756 | 120 | 876 | 117 | 759 |
| 12 | March, 2023 | 759 | 175 | 934 | 272 | 662 |
| | Total : | | 1711 | 2412 | 1750 | |

## VISITS / TOURS

Member secretary of the Gujarat State Commission for women attended the foundation day of the National Commission for women held in New Delhi on 31/01/2023.

### ACTIVITIES OF THE COMMISSION

**Following activities / works are being undertaken by the Gujarat State Commission for Women :**

**(1) N. R. I. Cell**

**(2) Nari Adalat (Women Court)**

**(3) NariSammelan**

**(4) Women Legal Awareness Seminars**

**(5) University Seminar**

**(6) Action of petitions about complaints / representations related to atrocities to women.**

**(7) Hearing**

**(8) Review Meetings (Meetings with Police Commissioner, Superintendent of Police and officers of other Departments)**

**(9) Toll Free Helpline**

**(10) Services of Social Counsellor**

**(11) Meeting / visit (Suomotto)**

**(12) Review of press reports.**

**Detailed activities thereof are as under:-**

## (1) NRI Cell

As the number of people moving from India to live abroad increases, number of cases have been observed in some areas of the State arising out of issues related to break up of marriages with non-resident Indians.

In August-2008, NRI cell is created by the State Government considering the case of the problems faced by the girls who married a non-resident Indian in the State of Gujarat. After marrying the girl, the NRI husband leaves the girl alone without fulfilling his responsibilities and leave for abroad leaving the girl in distressed condition. In such cases it is recommended to proceed as per Interpol agreement.

- In many cases a very large amount of dowry is taken from the wife at the time of marriage. And after receiving it,the in-laws and her husband grab the money and all the in-laws go abroad.
- Many times the husband is already married abroad, and by marrying the woman here, he takes her abroad for spending her life like an unpaid servant. due to such bad conditions there, the woman has returned.
- In a unilateral manner, the husband divorces the woman (in India) abroad.

For simplifying such issues, an NRI Cell has been set up at Women Commission to guide the victimized women here. Legal advice is given to her after getting the information from them in prescribed format and duly verifying it by the Commission. And from here, it is recommended to the Police and National Commission for Women/Ministry of Overseas to take appropriate action in the case of husbands and in-laws residing abroad.

Check-list and form prescribed for N. R. I. Cell are as under :

Note : Gujarat State Commission for Women conducts hearing of NRI cases and facilitate for divorce through reconciliation and to return Stri-Dhan.

***<u>N.R.I</u>***

***<u>Checklist</u>***

| Photo of Applicant | | Photo of husband |
|---|---|---|

1. **Details of Applicant:**
   - Name of Applicant :
   - Date of Birth :
   - Age :
   - Education Qualification :
   - Permanent Address :
   - Present Address :
   - Passport number of Applicant :
   - Contact Number :
   - Mobile :
   - Residence :
   - E-mail :
2. **Details of Husband:**
   - Full Name of husband :
   - Date of Birth :
   - Age :
   - Education Qualification :
   - Address :
   - India :
   - Abroad :
   - Present address of service / business
   - Contact Number :
   - Mobile :
   - Residence :
   - E-mail :
   - Since how much time is in abroad :
   - Passport number of husband :
     (Copy if available)

**3. Joint Details:**

- Name of family member of applicant who went to abroad :
- Name of country :
- Since when staying :
- Name of the family member of husband/In-law :
- Name of country :
- Since when family members are staying in abroad? :
- Whether husband of applicant went to abroad : Yes No
- If yes then in which country? :
- Since how much time he is in abroad?
- Whether came back to India? Yes No
- If yes then for how much time he came to India, specify the duration.
- Description in short regarding the untoward incident took place with husband since the time of marriage :
- Whether the untoward incident happened in India
- Whether the untoward incident happened in abroad.
- Name age and details of present education of children :
- Others details given by applicant regarding her in-laws i.e. Name, address, and details of her relationship with them shall be mentioned:

**4. Legal Details :**

- Legal proceedings initiated by the applicant against husband and in-laws : Yes No
- If yes then details be given :

  Details of Legal Proceedings :

| Number | Details of court | For what | Present Status |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

SIGNATURE OF APPLICANT

# APPENDIX-1

Additional information to be furnished with Memorandum of Registration of Marriage in case both the parties are residing abroad (NRI) or one of them is settled abroad.

| | | |
|---|---|---|
| 1. | Full name of Groom :<br>Full name of Bride : | |
| 2 | Full address of groom (of residence abroad)<br>Full address of bride (of residence abroad) : | |
| 3 | Passport Number of Groom :<br>Passport Number of Bride :<br>(Enclose certified copies of passport) | |
| 4 | Particulars of holding of Visa of respective country :<br>Groom :<br>Bride : | |
| 5 | Validity of visa :<br>Groom :<br>Bride : | Visa Number : ………………<br>From………… To …………..<br>From………… To ………….. |
| 6 | Details of N. R. I. Status :<br>Groom :<br>Bride :<br>(Enclose certified copies of concerned document in support of status) | |
| 7 | Social Security Number :<br>Groom :<br>Bride :<br>(Enclose certified copies) | |
| 8 | Particulars of Voter Card or Alien Registration Card of NRI Groom / Bride :<br>(Enclose certified copy of concerned card in support of details furnished) | |
| 9 | Qualification :<br>1. Groom :<br>2. Bride : | |
| | Designation :<br>1. Groom :<br>2. Bride : | |
| | E-mail address :<br>1. Groom :<br>2. Bride : | |
| | Mobile Number :<br>1. Groom :<br>2. Bride : | |
| | Address of employer :<br>1. Groom :<br>2. Bride : | |
| | Phone number of employer :<br>1. Groom :<br>2. Bride : | |

| | | |
|---|---|---|
| 10 | Names and full addresses of two close relatives of groom/bride who are residing abroad :-<br>1. For Groom :-<br>(1) Name :<br>Full address : (provide all details for locating easily)<br><br>(2) Name :<br>Full address : (provide all details for locating easily)<br><br>2. Bride :<br>(1) Name :<br>Full address : (provide all details for locating easily)<br><br>(2) Name :<br>Full address : (provide all details for locating easily) | |
| 11 | Names and addresses of two reputed citizens of the State :<br>1. For Groom :-<br>(1) Name :<br>Full address : (provide all details for locating easily)<br><br>(2) Name :<br>Full address : (provide all details for locating easily)<br><br>2. Bride :<br>(1) Name :<br>Full address : (provide all details for locating easily)<br><br>(2) Name :<br>Full address : (provide all details for locating easily) | |
| 12 | Signatures of groom / bride submitting memorandum of registration of marriage. | Signature of Groom : ……………<br><br>Signature of Bride : ……………… |

**Note :** Certified copies of necessary documentary evidences in support of above information must be enclosed. Appendix-1 is to be filled only by NRI party/parties.

## (2) Nari Adalat :

Nari Adalat is an informal justice system in operation for the women and by the women. It provides opportunity to women for resolution of their grievances at their doorsteps without knocking doors of the courts of law. They get justice without any cost, expeditiously, impartially and with self-respect.

For conducting proceedings of Nari Adalat, a Samata Committee is being constituted by selecting women members from respective Taluka only. Members of Samata Committee are imparted para-legal type of training whereby they are being trained to conduct hearing and adjudication of the cases. Cases in Nari Adalat are being decided by this Samata Committee.

Following issues concerning women are being resolved in Nari Adalat :

(1) Domestic violence

(2) Domestic disputes

(3) Suspicion and Distrust

(4) Harassment by liquor addicted husband

(5) Marrying another woman

(6) Divorce

(7) Disputes pertaining to property and land

(8) Custody of child

(9) Abduction

(10) Alimony, Stridhan

(11) Teasing

(12) Dowry, Witch practices

(13) Any Other cases related to women

The State Government has started this ambitious scheme to open Nari Adalat in all the Talukas of State in phases since 2012-13. Total 237 Nari Adalats have been granted approval till year 2018-19. 33 Nari Adalats managed by women associations prior to 2012-13 were subsequently transferred under the Women Commission. Thus, total 270 Nari Adalats including 248 in different Talukas and 22 in 8 Municipal Corporations have become functional till date by Gujarat State Commission for Women under this project. This scheme is also included in the Mission Shakti program of the Women & Child Development Department of the Government of India.

## (3) Women's Conventions (Nari Sammelan) (Year 2022-23)

In all, **37** Nari Sammelans (women conventions) have been organized in Taluka / Corporation areas during the year 2022-2023 for publicity and awareness of Nari Adalat project launched by the Government. These conventions were attended by **10915** women.

## Women's Convention programs

| Sr. | Date | District | Taluka / Corporation | No. of programs |
|---|---|---|---|---|
| 1 | 31/03/2022 | Bhavnagar | Talaja | 1 |
| 2 | 22/07/2022 | Mehsana | Unjha | 1 |
| 3 | 28/07/2022 | Amerli | Khambha | 1 |
| 4 | 02/08/2022 | Banaskantha | Dhanera | 1 |
| 5 | 23/08/2022 | Patan | Radhanpur | 1 |
| 6 | 25/08/2022 | Vadodara | Savali | 1 |
| 7 | 29/08/2022 | Navsari | Chikhali | 1 |
| 8 | 30/08/2022 | Kutch | Bhachau | 1 |
| 9 | 30/08/2022 | SabarKantha | Idar | 1 |
| 10 | 30/08/2022 | Bhavnagar | Mahuva | 1 |
| 11 | 31/08/2022 | Junagadh | Vanthali | 1 |
| 12 | 07/10/2022 | Bharuch | Jambusar | 1 |
| 13 | 10/10/2022 | Banaskantha | Dantiwada | 1 |
| 14 | 11/10/2022 | Mehsana | Visnagar | 1 |
| 15 | 11/10/2022 | Arravali | Modasa | 1 |
| 16 | 11/10/2022 | Gir Somnath | Kodinar | 1 |
| 17 | 12/10/2022 | Anand | Tarapur | 1 |
| 18 | 13/10/2022 | Arravali | Dhansura | 1 |
| 19 | 13/10/2022 | Kheda | Kapadwanj | 1 |
| 20 | 13/10/2022 | Jamnagar | Jodiya | 1 |
| 21 | 14/10/2022 | Kutch | Rapar | 1 |
| 22 | 15/10/2022 | Sabarkantha | Prantij | 1 |
| 23 | 19/10/2022 | Valsad | Pardi | 1 |
| 24 | 31/01/2023 | Narmada | Nadod | 1 |
| 25 | 15/02/2023 | Navsari | Jalalpur | 1 |
| 26 | 21/02/2023 | Junagadh | Keshod | 1 |
| 27 | 27/02/2023 | Mehsana | Bachuraji | 1 |
| 28 | 27/02/2023 | Dang | Ahwa | 1 |
| 29 | 02/03/2023 | Morbi | Wankaner | 1 |
| 30 | 10/03/2023 | Patan | Sarswati | 1 |
| 31 | 11/03/2023 | Ahmedabad | Viramgam | 1 |
| 32 | 12/03/2023 | Banaskantha | Deesa | 1 |
| 33 | 18/03/2023 | Kheda | Nadiad | 1 |
| 34 | 20/03/2023 | Anand | Anand | 1 |
| 35 | 27/03/2023 | Botad | Gadhada | 1 |
| 36 | 28/03/2023 | Morbi | Morbi | 1 |
| 37 | 29/03/2023 | Kutch | Mandavi | 1 |
| | | | **Total** | **37** |

### (4) <u>Women's Legal Awareness Camps :</u>

Camps have been organized for creating legal awareness for women amongst women representatives elected to the local self government bodies of the State and other women. During the year 2022-23, **total 07** such Legal Awareness Camps were organized as under where more than **1398** women participated.

| Sr. | Date | District | Taluka / Corporation | No. of programs |
|---|---|---|---|---|
| 1. | 03/08/2022 | Banaskantha | Palanpur | 1 |
| 2. | 25/08/2022 | Gandhinagar | Gandhinagar | 1 |
| 3. | 26/08/2022 | Vadodara | Vaghodiya | 1 |
| 4. | 30/08/2022 | Surat | Bardoli | 1 |
| 5. | 30/08/2022 | Patan | Sidhpur | 1 |
| 6. | 14/10/2022 | Bharuch | Bharuch | 1 |
| 7. | 16/02/2023 | Ahmedabad | Dholka | 1 |
| | | | **Total** | **07** |

**(5) University Seminars :**

The State Government has taken a decision to organize seminars in Universities of the State for legal guidance to girls and boys students.

**(6) Complaints / representations concerning atrocities to women :**

After constitution of the Women Commission, total **29371** applications have been received by the Commission till 31/03/2022 out of which **28709** applications have been disposed and **662** applications have been forwarded to concerned departments seeking their reports.

**(7) Hearings :**

Total **17** hearings were conducted by the Commission during April, 2022 to March, 2023 on the applications received for resolution of grievances concerning domestic and marriage-related issues of women, and both the parties were called for hearing in **85** such cases.

**Statement showing hearings conducted during the year 2022-23**

| Sr. No. | Month | Date of hearing | Cases heard |
|---|---|---|---|
| 1 | April-2022 | - | - |
| 2 | May-2022 | - | - |
| 3 | June 2022 | 08/06/2022 | 5 |
| | | 10/06/2022 | 5 |
| | | 15/06/2022 | 5 |
| | | 17/06/2022 | 4 |
| | | 24/06/2022 | 5 |
| 4 | July-2022 | 06/07/2022 | 6 |
| | | 08/07/2022 | 5 |
| | | 13/07/2022 | 5 |
| | | 15/07/2022 | 5 |
| | | 20/07/2022 | 5 |
| 5 | August-2022 | 03/08/2022 | 5 |
| | | 05/08/2022 | 5 |
| | | 24/08/2022 | 5 |
| 6 | September-2022 | 07/09/2022 | 5 |
| | | 14/09/2022 | 5 |
| | | 16/09/2022 | 5 |
| | | 21/09/2022 | 5 |
| 7. | October-2022 | - | - |
| 8. | November-2022 | - | - |
| 9. | December-2022 | - | - |
| 10. | January-2023 | - | - |
| 11. | February-2023 | - | - |
| 12. | March-2023 | - | - |
| | **Total** | | **17** |

**No. of hearings : 17**

**No. of cases heard : 85**

**(8) Review Meeting :-**

Applications received by the Commission are being forwarded to concerned offices for necessary action on it. However, review meetings are considered necessary sometimes keeping in view pending number of cases since Action Taken Reports are not being received on time and for this, Review Meetings are being conducted at the Commission for disposal of pending petitions.

| Date | Place | Particulars |
|---|---|---|
| 27/03/2023 | Gandhinagar | A Review meeting was held with Police Officers and other officials for the pending cases of the Ahmedabad district at Gandhinagar under the chairmanship of member secretary. |

**(9) Toll Free Helpline – 2022-23 :**

Tall Free Helpline Number 1800-233-1111 is available with the Commission for extending help to women during office hours. More than 484 women have been extended help through this helpline during year 2022-23.

**(10) Social Counsellor: - 2022-23 :**

After hearing the petitioners visiting the Commission office personally, they are given necessary guidance / information by the Counselor on their issues. More than 84 women have been helped through this Counseling service during year 2022-23

**(11) Review of Press Reports: 2022-23**

The Commission initiated suomotto proceedings on the basis of news items published in daily newspapers and TV media. Accordingly, more than 133 such cases have been initiated during year 2022-23.

----------

Government Central Press, Gandhinagar.

Processed & Printed By Government Central Press, Gandhinagar

Y-365-200-07-2023